**–: <u>આંક–૧૧૮ તળે હુકમ</u> :–**

૧. હાલની અરજી આ કામે પ્રતિવાદી નં.૭/સી દ્વારા પ્રતિવાદી નં.૬ સામે તમાકુનો પાક કાપણી ન કરવા બદલ સી.પી.સી. કલમ–૧૫૧ મુજબ દાખલ કરવામાં આવેલ છે. તેમાં તેઓ મુખ્યત્વે જણાવે છે કે, હાલના કામે વાદી તથા પ્રતિવાદીઓ એક જ કુટુંબના સભ્યો છે અને હાલના દાવામાં નામદાર કોર્ટ દ્વારા આંક–૫ તળે હુકમ કરી મનાઇ હુકમની અરજી અંશતઃ મંજૂર કરવામાં આવેલ હતી તથા સુરેલીના સર્વે નંબર ૫૦/૨,૬૧૦,૬૧૨,૬૧૩,૬૧૪/૨/૨ તથા ધૂળેટાના સર્વે નંબર ૬૧૪/૨,૧૨૨/૩ માટેની છે. દાવાના આખરી નિર્ણય થાય ત્યાં સુધી કોઈ પક્ષકારે અન્ય કોઈને પણ તે ટ્રાન્સફર કરવી નહિ, કરાવે નહીં તેવો કાયમી મનાઈ હુકમ ફરમાવવામાં આવેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં.૭/સીનાઓએ પ્રાંત કોર્ટમાં આર.ટી.એસ.નં.૩૦/૨૦૨૫ થી અપીલ દાખલ કરેલી અને સર્વે નંબર ૬૧૩, ખાતા નંબર ૭, ફેરફાર નોંધ નંબર ૧૪૦૦૩, તા.૨૫/૦૧/૨૦૨૫ ના વારસાઈ કરાવવા અરજી કરેલ. તે અરજી પ્રતિવાદી નં. ૭/સીની મંજૂર થતા વારસાઈ નોંધ નંબર ૧૪૦૦૩ નામંજૂર કરવા હુકમ કરવામાં આવેલ. જે હુકમ પ્રતિવાદી નં.૭/સી ની તરફેણમાં કરવામાં આવેલ છે અને તેઓ વારસાઈ હક્કે સદર જમીન ૬/સીના ફાળે આવેલ છે અને તેમાં પ્રતિવાદીઓએ તમાકુનો પાક કરેલ છે. જે પાક સુકાઈ જાય તેમ છે અને બગડી જાય તેવી સ્થિતિમાં છે. તેમજ નામદાર કોર્ટ દ્વારા મનાઇ હુકમ આપેલ હોવાથી તેનું પાલન તેઓ કરતા આવેલા છે અને તમાકુ અસહ્ય ગરમીના કારણે બગડી જાય તેમ છે, તેથી સદર તમાકુનો પાક પ્રતિવાદી નં.૭/સી નો હોય, જે લણી લેવા પરવાનગી આપવા તથા સદર સર્વે નંબરમાં પ્રતિવાદી નં.૬ તે પાક કાપે, કપાવે નહીં અને તેઓને કાપતા અટકાવે નહીં તેવો હુકમ ફરમાવવા

હાલની અરજી દાખલ કરવામાં આવેલ છે. જે અરજીના સમર્થનમાં તેઓએ સોગંદનામુ રજૂ રાખેલ છે તથા નિશાની ૧૧૯/૧ થી ૧૧૯/૧૭ સુધી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજૂ રાખેલ છે.

**૨.** હાલની અરજી દાખલ થતા અત્રેની કોર્ટ દ્વારા પ્રતિવાદી નં.૬ ના વારસદારોને કારણ દર્શક નોટિસ ઇસ્યુ કરતા તેઓ હાજર થઈ આંક-૧૨૨ થી લેખિત જવાબ રજૂ રાખેલ છે. તેમાં તેઓએ પ્રતિવાદી નં.૭/સીની અરજીનો મુખ્યત્વે ઈનકાર્યતભર્યો જવાબ આપેલ છે. વધુમાં જણાવેલ છે કે, નામદાર કોર્ટએ માત્ર ને માત્ર હુકમમાં એવુ જણાવેલ કે, જમીનોનું દાવાના કોઈ પક્ષકારોએ ટ્રાન્સફર કરવી, કરાવી નહીં, તેટલા પૂરતો જ હુકમ કરેલ છે. વધુમાં સદર જમીન ૭/સીના ભાગે આવેલ છે, તેવો કોઈ હુકમ કરવામાં આવેલ નથી. વધુમાં હાલના કામે પ્રતિવાદી નં.૭/સી દાવાનો કોઈ લેખિત જવાબ આપેલ નથી તથા આંક- ૩૩ થી વાદીના સમર્થનમાં સોગંદનામું રજૂ રાખેલ છે. તેથી પણ તેઓને હાલની અરજી ટકવાપાત્ર રહેતી નથી. વધુમાં તેઓએ પ્રાંત અધિકારીશ્રીના હુકમ ઉપર કલેક્ટરશ્રીમાં અપીલ દાખલ કરેલ છે, જે હાલમાં પેન્ડિંગ છે, તેથી પણ તે હુકમને આધારે પ્રતિવાદીઓના હુકમને પડકારવામાં આવેલ હોય તેથી પણ પ્રતિવાદી નં.૭/સીની હાલની અરજીમાં મળવાપાત્ર દાદ ટકવાપાત્ર રહેતી નથી. વધુમાં તેઓ જણાવે છે કે, હાલના કામે સદર દાવો વડીલોપાર્જીત જમીનને પહોંચતો દાવો છે. આ કામના પ્રતિવાદી નં.૭/સી ના કોઈ જવાબ આપેલ નથી અને તેઓ જમીન ક્યારેય ખેડી પણ નથી અને તેઓ જમીન ખેડતા હોય તેવી કોઈ હકીકત જાહેર પણ કરેલ નથી. જે સંજોગોમાં પ્રતિવાદી નં.૭/સીની હાલની અરજી નામંજૂર થવા પાત્ર છે. વધુમાં આ કામના વાદી દ્વારા નિશાની-૧૨૩/૧ થી સોગંદનામું રજૂ રાખેલ છે. તેમાં તેઓ પ્રતિવાદી નં.૭/સીનાઓને મુખ્યત્વે સમર્થન કરતા હોય તેમ જણાય આવે છે.

૩. હાલની અરજી, બન્ને પક્ષના વાંધા તથા રજુ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. હાલના કામે આ કામના પ્રતિવાદી નં.૭/સી દ્વારા હાલની અરજી દાખલ કરી, પ્રતિવાદી નં.૬નાઓ તેમની જમીનમાંથી તમાકુનો પાક કાપે કપાવે નહીં તથા તેઓને કાપતા અટકાવે નહીં, તેવી અરજી કરી, સી.પી.સી.ની કલમ–૧૫૧ તળે હુકમ ફરમાવવા અરજ કરેલ છે. હાલના કામે વાદી તરફે તેઓના જવાબ દલીલો તરીકે ગણી લેવા માટે અરજ કરેલ છે. સદર અરજીના સમર્થનમાં પ્રતિવાદી નં.૭/સી તર્ફે નિશાની–૧૨૬/૧ અને ૧૨૬/૨ થી દસ્તાવેજો રજૂ કરેલ છે. જે વંચાણે લેતા નિશાની–૧૨૬/૧ થી પોલીસ સ્ટેશનમાં આપેલ અરજી તથા નિશાની–૧૨૬/૨ થી ફોટોગ્રાફ્સ રજૂ રાખેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં.૭/સીએ આંક–૧૨૭ થી લેખિત દલીલ રજૂ રાખવામાં આવેલ છે. તથા તેઓની લેખિત દલીલ જ મૌખિક દલીલ છે, તેવું ગણી લેવા અરજ કરેલ છે. આમ, ઉપરોક્ત તમામ દલીલો રેકર્ડ ઉપરની હકીકતો વંચાણે લેતા સૌ પ્રથમ વાદી દ્વારા હાલના દાવાનો પ્રકાર ધ્યાને લેવામાં આવે તો હાલનો દાવો આ કામના વાદી દ્વારા દાવાવાળી મિલકતની વહેંચણી કરવા સંબંધેનો દાવો છે. તેમાં તે સિવાય અન્ય કોઈ પ્રકારની દાદ માંગવામાં આવેલ નથી. વધુમાં આ કામે મારા પુરોગામી ન્યાયાધીશ શ્રી દ્વારા આંક–૫ તળે કરવામાં આવેલ હુકમ વંચાણે લેવામાં આવે તો આંક–૫ ની અરજી અંશતઃ મંજૂર કરવામાં આવેલ છે તથા મોજે ગામ સુરેલીના સર્વે નંબર ૫૦/૨, ૬૧૦, ૬૧૨, ૬૧૩, ૬૧૪/૨/૨ તથા ધૂળેટાના સર્વે નંબર ૬૧૪/૨,૧૨૨/૩ પૂરતી જ અરજી અંશતઃમંજૂર કરી દાવાના આખરી નિર્ણય સુધી કોઈ પક્ષકાર અન્ય કોઈ પણ રીતે ટ્રાન્સફર કરાવી નહીં, તેવો હુકમ કરવામાં આવેલ છે. વધુમાં હાલના દાવાનું રેકર્ડ વંચાણે લેતા આ કામના પ્રતિવાદી નં.૭/સી દ્વારા તેઓને

સમન્સ બજવા છતાં તેઓ દ્વારા હાલના કામે કોઈ જવાબ રજૂ રાખવામાં આવેલ નથી. તેઓ આંક–૩૩ થી વાદીની તરફેણમાં સોગંદનામું રજૂ કરેલ છે. વધુમાં હાલની અરજીને પ્રતિવાદી નં.૭/સી દ્વારા માંગવામાં આવેલ દાદ વંચાણે લેતા તેઓ પ્રતિવાદી નં.૬નાઓને સર્વે નં.૬૧૩ માં વાવેલ તમાકુનો પાક કાપે, કપાવે નહીં તથા તેઓને કાપતા અટકાવે નહીં તેવી દાદ માંગવામાં આવેલ છે. તે દાદ આ હાલના દાવાના પ્રકારને જોવામાં આવે તો સદર દાદ હાલના દાવાના પ્રકારથી તદ્દન અલગ પ્રકારની છે. વધુમાં હાલના કામે થયેલ આંક–૫ના હુકમ મુજબ પ્રતિવાદી તથા દાવાના પક્ષકારો દાવાના હુકમની જોગવાઈ મુજબ મિલકતો કોઈપણ ને ટ્રાન્સફર કરવી નહીં તેવો હુકમ કરવામાં આવેલ છે નહિ કે, તેમાં તેમાં કોઈને પાક લેવા કે કરવા અટકાવવામાં આવેલ છે. વધુમાં નિશાની ૧૧૯/૧ થી પ્રાંત અધિકારીનો હુકમ મોજે ગામ સુરેલીના સર્વે નં.૬૧૩ માં કરવામાં આવેલ ફેરફાર નોંધ નામંજૂર કરવાનો હુકમ છે અને તે હુકમ આ કામના પ્રતિવાદી નં.૬ દ્વારા કલેક્ટરશ્રીમાં પડકારવામાં આવેલ છે. તેથી તે પડકારવામાં આવેલ હુકમ પેન્ડિંગ હોય, તેથી પ્રાંત અધિકારી દ્વારા કરવામાં આવેલ હુકમ આખરી ગણી શકાય નહીં. વધુમાં પ્રતિવાદી નં.૭/સી દ્વારા ઉમરેઠના પોલીસ ઈસ્પેક્ટરનાઓને ફરિયાદ કરવામાં આવેલ છે. જે  ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લેતા દીવાની કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૧ માં આપવામાં આવેલ ઈન્હેરન્ટ પાવર હાલના તબક્કે ઉપયોગ કરવા વ્યાજબી અને ન્યાયી જણાતા નથી  તથા હાલના દાવાનો પ્રકાર અને હાલની અરજીમાં માંગવામાં આવેલ દાદ પણ એકબીજાથી સાંયોગિક જણાય આવતી નથી તથા હાલના તબક્કે આંક–૫ તળે કરવામાં આવેલ હુકમનો કોઈ ભંગ થયેલ હોય તેવું પણ રેકર્ડ ઉપર જણાઈ આવતું નથી. તે સંજોગોમાં હાલની અરજી ટકવાપાત્ર રહેતી નથી. જે સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

– પ્રતિવાદી નં.૭/સી ની હાલની અરજી નામંજૂર કરવામાં આવે છે.

– ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

આ હુકમ આજ રોજ તા.૨૭ મી, માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ઉમરેઠ .

તારીખ : ૨૭/૦૪/૨૦૨૬

**(પાર્થ પ્રવીણચંદ્ર ચૌહાણ)**
એડિશ્નલ સિવિલ જજ
ઉમરેઠ.
***(JUDGE CODE GJ-01692)***

S.B.Zala.-Guj-Steno